PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૭/કવા–૦૩/૧૮–૧૯/ 225-1 તા. 5-1-19

રજી. એડી પત્ર

પ્રતિ,
વૃજલાલ દામાભાઈ સાવલીયા,
ગામ: સરસઈ
તા.વિસાવદર
જી. જુનાગઢ
મો: ૯૪૨૮૮ ૩૬૬૭૯

વિષય :–ખેતીવાડી વીજજોડાણ મા નામ બદલી અને વીજભાર વધારા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૯–૧૧–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૬૭/કવા–૦૩/૧૮–૧૯)

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી નં–૨, વિસાવદર

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૬૭/કવા–૦૩/૧૮–૧૯ | કમિટી મીટીગ: તા. ૨૯–૧૨–૧૮ | સ્થળ : જુનાગઢ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામ: વૃજલાલ દામાભાઈ સાવલીયા, ગામ: સરસઈ

રજુઆત કરનાર: અરજદાર વૃજલાલ દામાભાઈ સાવલીયા હાજર રહેલ છે.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી નં–૨, વિસાવદર (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ)

રજુઆત કરનાર :એલ.કે.પરમાર – કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ

## : હુકમ :

**ફરીયાદ : ખેતીવાડી વીજજોડાણ મા નામ બદલી અને વીજભાર વધારા બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર વૃજલાલ દામાભાઈ સાવલીયા, ગામ:સરસઈ તેઓની અરજી ના નોધણી નંબર :૬૭/કવા–૦૩/૧૮–૧૯ મ: જણાવે છે કે, તેઓની વિસાવદર તાલુકાના ગામ:સરસઈ ખાતે ખેતી ની જમીન સર્વે નંબર: ૧૧૧ પૈકી ૧ મા તેઓના હૈયાત ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૦૯૫૧/૦૧૫૪૪/૩ મા ૭.૫ હોપાના વીજભાર વધારા ની માંગણી તા.૨૧–૦૮–૧૮ ના રોજ કરેલ. સદર બાબતે કોઈ કાર્યવાહી કે જાણકારી પીજીવીસીએલ ની સબંધક કચેરી દ્વારા અપાયેલ ન હોય – અરજદારે અત્રે ના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | • અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી. વ્રજલાલ દામાભાઇ સાવલીયા ગામ- સરસઈ એ અત્રેની વિસાવદર પે.વી.કચેરી-૨ માં તા.૨૧.૦૮.૨૦૧૮ ના રોજ પોતાના ભાઈના નામે ચાલુ *હરસુખભાઈ દામાભાઈ સાવલીયા ગ્રા.નં.૮૦૯૫૧/૦૧૫૪૪/૩* નામના ખેતીવાડી સર્વે નં.૧૧૧પૈકી૧ ના વિજ- જોડાણમાં લોડવધારો તથા નામફેર કરી આપવાની અરજી કરેલ હતી.<br>• સદર અરજીના અનુસંધાને અત્રેની કચેરીનો રેકોર્ડ તપાસતા ઉપરોક્ત સર્વે નં.૧૧૧પૈકી૧ કે જે હરસુખભાઈ દામાભાઈ સાવલીયાના નામે રેવેન્યુ રેકોર્ડ હક્કપત્રક નં.૬ ને એન્ટ્રી નં.૧૮૯૫ મુજબ તા. ૨૧/૦૨/૧૯૮૩ થી જ એકલાના જ નામે છે. તેમજ તેઓ દ્વારા સદર સર્વે નં. માં ખેતીવાડી વિજજોડાણની માંગણી તા.૧૦/૦૭/૧૯૯૧ ના રોજ રૂ.૧૦૦ પહોચ નં.૦૯૯૮૩૨ થી ભરપાઈ કરી ને કરેલ હતી. આ વીજજોડાણ નિયમ મુજબ મંજુર થતા હરસુખભાઈ દામાભાઈ સાવલીયા દ્વારા જરૂરી ભાવપત્રક ભરપાઈ થયે તા.૨૪.૦૪.૨૦૦૯ ના રોજ ચાલુ કરી આપવામાં આવેલ હતુ. સદર સર્વે નં.૧૧૧પૈકી૧ ના ૭,૧૨,૮અ જોતા વ્રજલાલ દામા સાવલીયાનું નામ જમીનના ભાગીદાર કે સહિયારા માલીક તરીકે નથી. માત્ર કુવાપત્રક ૧૬ નં. મુજબ કુવેથી પિયત કરવાનો જ હક્ક છે.<br>• સદર બાબતનો રેકોર્ડ તપાસતા હકીકતે અરજદાર વ્રજલાલ દામાભાઇ સાવલીયાના નામે રેવેન્યુ રેકોર્ડ |

| | |
|---|---|
| | હક્કપત્રક નં.૬ ને એન્ટ્રી નં.૧૮૯૫ મુજબ તા. ૨૧/૦૨/૧૯૮૩ થી જ સર્વે નં.૧૧૧પૈકીર ની જમીન આવેલી છે. જેમા અત્રેની કચેરીના રેકોર્ડ મુજબ કોઈ વીજજોડાણ આપવામાં આવેલ નથી. પરંતુ સદર અરજદાર દ્વારા સર્વે નં.૧૧૧પૈકી૧ ના વીજજોડાણ કે જે હરસુખભાઈ દામાભાઈ સાવલીયાના નામે ચાલે છે તેમાં નામફેર તથા લોડવધારો માંગેલ હતો. જ્યારે કે આ સર્વે નં. માં વ્રજલાલભાઈ નું નામ જ ના હોય પીજીવીસીએલના પ્રવર્તમાન નિયમ મુજબ સદર વીજજોડાણ તેમના નામે થઇ શકે નહી. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | 1. અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર વ્રજલાલ દામાભાઇ સાવલીયાના નામે રેવેન્યુ રેકોર્ડ હક્કપત્રક નં.૬ ને એન્ટ્રી નં.૧૮૯૫ મુજબ તા. ૨૧/૦૨/૧૯૮૩ થી જ સર્વે નં.૧૧૧પૈકીર ની જમીન આવેલી છે. જેમા અત્રેની કચેરીના રેકોર્ડ મુજબ કોઈ વીજજોડાણ આપવામાં આવેલ નથી<br>2. સર્વે નં.૧૧૧પૈકી૧ કે જે હરસુખભાઈ દામાભાઈ સાવલીયાના નામે રેવેન્યુ રેકોર્ડ હક્કપત્રક નં.૬ ને એન્ટ્રી નં.૧૮૯૫ મુજબ તા. ૨૧/૦૨/૧૯૮૩ થી જ એકલાના જ નામે છે. તેમજ તેઓ દ્વારા સદર સર્વે નં. માં ખેતીવાડી વિજજોડાણની માંગણી તા.૧૦/૦૭/૧૯૯૧ ના રોજ રૂ.૧૦૦ પહોચ નં.૦૯૯૮૩૨ થી ભરપાઈ કરી ને કરેલ હતી. આ વીજજોડાણ નિયમ મુજબ મંજુર થતા હરસુખભાઈ દામાભાઈ સાવલીયા દ્વારા જરૂરી ભાવપત્રક ભરપાઈ થયે તા.૨૪.૦૪.૨૦૦૯ ના રોજ <u>ગ્રા.નં.૮૦૯૫૧/૦૧૫૪૪/૩</u> થી ચાલુ કરી આપવામાં આવેલ છે. |
| ૩.૨ | સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે – અરજદાર ની નામ બદલી અને વીજભાર વધારા અન્વયે ની અરજી ગ્રાહય રાખવામા આવતી નથી, તેમ સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.